# જ્ઞાતિમૈયા

**જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર**

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન ● વર્ષ : ૩ ● અંક : ૭ ● સળંગ અંક : ૧૧૦ ● તા. ૧૮ જૂલાઈ થી ૨૪ જૂલાઈ ૨૦૨૦

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


## KDO JAIN GLOBAL CARD




**કેડીઓ પ્લેટીનમ કાર્ડ - ૮**




**સીલ્વર - ૭**




**બ્રોન્ઝ - ૨**




**બ્લુ - ૪૭૫૩**

## તેમજ ૩૮ બ્રાન્ડ અને દુકાનો સાથે જ્ઞાતિમાં વ્યવસાયિક આગેકૂચ

KDO JAIN GLOBAL CARD



SAVIOUR®
Performing PPE
Sure Safety
Complete Safety Solutions
COVID-19 OFFER
SPECIAL DISCOUNT
FOR ALL KDO
20% OFF
EN 166
FPSAV-F-SS
COVID-19 Face Shield
NIOSH/EN 149-2001 + A1:2009/FFP2
RPSAV-N95
N-95 Respirator
SITRA Approved
BPSAV-VGS
N-95 Respirator
EN 166
EYSAV-CHS-S
Chemi Splash Small
*Offer Valid till Stocks last!!! at factory Prices.
BOOK YOUR ORDER
DEALERS WANTED
www.suresafety.com
healthcare@suresafety.com | onlinestore@suresafety.com
+91 9974901995 | +91 7229079494



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

લક્ષ્મીચંદ લાલજી પોલડીયા

પ્રવીણ હંસરાજ લોડાયા

તિલોકચંદ નરશી દંડ

કીર્તિકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# માણસમાં માણસાઈ જરૂરી છે

જ્યારે આપણે એમ કહીએ કે મનુષ્ય જેવું સર્વશ્રેષ્ઠ પ્રાણી કોઈ નથી. ત્યારે તેની સાથે થોડી અપેક્ષાઓ અને જવાબદારીઓ જોડાયેલી હોય છે. માણસ નામે સામાજિક પ્રાણી સૌ સાથે સત્ય પૂર્વકનું આચરણ કરે, પોતાના આત્માના સત્યને હૃદયપૂર્વક જાણીને, તે પ્રમાણે આચરણ અને અનુસરણ કરે, સ્વધર્મમાં આત્મસ્થ થઈને જીવતો રહે અને બાહ્યાચારોથી મુક્ત રહે એવી અપેક્ષા રહે છે.

આજે સંસારમાં માણસાઈ ઘટતી જાય છે. સાત્વિકતા ઘટતી જાય છે અને તામસિકતા વધતી જાય છે. સત્યધર્મનું આચરણ ઘટતું જાય છે. અસત્ય ધર્મનું આચરણ અને અનીતિ વધતાં જાય છે. સત્યના ધર્મને અંતરપૂર્વક જાણીને ચાલવાનું, જીવવાનું ઘટતું જાય છે. ધર્મને માનીને ચાલવાથી અંધશ્રદ્ધા, અંધવિશ્વાસ અને ભય વધતાં જાય છે. ધર્મને આંતરિક રીતે શુધ્ધ મનથી જાણીને કરાતું આચરણ ઘટતું જાય છે. અઘટિત પદાર્થ પરની પકડમાં વધારો અને સ્વાર્થ, લાભ અને લોભ તથા લાલસા જેવા દુર્ગુણો વધતા જાય છે. આમ તામસિક્તા ઉચ્છરંગતા વધી રહ્યાં છે અને માણસાઈ કરમાઈ જવાથી માનવીયતા ફૂલ ખીલતાં જ નથી આપણામાં રહેલી માણસાઈને આ જીવનમાં ઉજાગર કરવા માટે પહેલાં પહેલાં એ જરૂરત છે કે આત્માના અવાજને ઓળખીને તે પ્રમાણે સ્વધર્મમાં સ્થિર થઈએ. આચરણ અને વ્યવહાર યોગ્ય રીતે કરવા આત્મા એજ સત્ય સ્વરૂપ છે. એટલે આપોઆપ સત્યનું આચરણ અને અનુસરણ પોતાની રીતે થશે.

આત્માનો અવાજ હંમેશા સત્ય હોય છે. આ આત્માના અવાજ સાંભળવા માટે અહંકારથી મુક્તિ પ્રાપ્ત કરવી જ પડે છે. તો જ આત્માનો સત્ય સ્વરૂપ અવાજ સાંભળી શકાય છે. એટલે હુંપણાથી તાત્કાલિક મુક્ત થવાની જરૂર છે. અહંકાર જ બધા દુર્ગુણોનો રાજા છે, જનક છે. એટલે જે શરીરમાં, અંતર મનમાં અહંકારનો અંકુર ફૂટ્યો છે. ત્યાં પાપાચાર અને બદીઓ રહેવાની, ઓછી હશે ત્યાં વધવાની, વિકસવાની. દુર્ગુણ રહિત જીવન અને શુદ્ધતા ભર્યું જીવન એક મહાસિદ્ધિ છે.

જ્યારે માણસ હૃદયસ્થ અને આત્મસ્થ થઈને સ્વધર્મમાં સ્થિર હોય ત્યારે તેની કરણી અને કથનીમાં પૂરેપૂરી એકતા હોય છે. એનામાં જડતા નહીં હોય. વિશાળતા અને સ્થિરતા હશે એનામાં ન રાગ, ન દ્વેષ હશે. એ પૂરેપુરું ક્ષમાશીલ, કરુણામય, વિવેકી હશે. જેને લીધે સતગુણી, સદ્ગુણી, સદ્વર્તી, સમત્વ અને સદાચારી આચરણ વાળો હશે. જીવનમાં કામના, વાસના, ઈચ્છા અને તૃષ્ણા વગેરેનો સંયમ જરૂરી છે. જેમ બળદ પાસેથી સારું કામ લેવા નાથ મોરો નાકમાં નાખવાથી તે ધાર્યું કામ આપી શકે છે, જેમ ઘોડા ઉપર સવાર થવા માટે ચોકડું જરૂરી છે, જેમ ઊંટ પર અસવાર થવા કાઠલું જરૂરી છે, તેમ આપણા જીવનમાં પરમશાંતિ અને સુખ જોઈતાં હોય તો આંતરિક શુદ્ધતા, મન બુદ્ધિ, વાસના રહિત સ્થિરતા, પવિત્રતા અને સંયમ જરૂરી છે. તે સિવાય સુખ, શાંતિ, સંયમતા પ્રાપ્ત થતી નથી.

ધર્મ આચરણનો અર્થ છે સત્ય સ્વરૂપ વ્યવહાર અને આચરણ. આ વર્તાવથી આપણી કામનાઓની પૂર્તિ થશે. સાથો સાથ શાંતિ અને આનંદ મળશે. જે મોક્ષ મેળવવાનો રાજમાર્ગ છે. એટલે જ માણસ માત્ર પોતાના અંતરની ભાવનામાં ફેરફાર કરીને જીવવાનું છે.

– જય જ્ઞાતિમૈયા

# કોરોના પહેલા અને કોરોના પછીનો કાળખંડ

## સેક્રેટરીના બે બોલ.. ✍



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

વર્ષ ૨૦૨૦ની સાલ માનવજાત અને સમગ્ર જગત માટે એક યાદગાર દુ:ખદ ઘટનાઓથી સ્મૃતિમય રહેશે. આ વર્ષ સૌને યાતના દાયક, પીડાભર્યું અને બોધ આપનારું છે.

ક્યારે કલ્પી ન હોય એવા ઘટનાક્રમ આખા વિશ્વમાં થયા. આપણા દેશની વાત કરીએ તો તા. ૨૨ માર્ચ રવિવારથી જનતા કર્ફ્યુથી આગામી દિવસોનું રીહર્સલ થયું અને તા. ૨૫ માર્ચથી સમગ્ર દેશ લોકડાઉન હેઠળ આવી ગયું. અવર જવરના રસ્તા, વાહન વ્યવહાર બંધ થઈ ગયા. ટ્રેન, બસ, મેટ્રો, રિક્ષા-ટેક્સી, વિમાન વ્યવહાર સદંતર થંભી ગયો. ધમધમતા બજાર, મોલ, સાર્વજનિક મેળાવડા, ધાર્મિક ઉત્સવો. ધર્મસ્થાનકો, મંદિરોને સદંતર તાળા લાગી ગયા. સ્કૂલ, કોલેજો બંધ થઈ ગઈ અને દિવસરાત અસુખ અનુભવતી આદમી જાત પોતાના ઘરમાં કેદ થઈ ગઈ.

એ દિવસથી આજ દિ સુધીના લગભગ સવાસો દિવસનું વિહંગાવલોકન કરીએ તો ઓછી જરૂરિયાતો રાખીને જીવી શકાય છે. બહાર ટહેલવા સિવાય, હોટલ-લારીનો ખોરાક ખાધા વગર દિવસો પસાર થઈ શકે છે. સાદાઈપૂર્વક સગપણ, લગ્ન કરી શકાય છે અને વ્યવહાર સાચવવાનાં આડંબર કરી ભેગા થતાં સ્નેહી સગાઓ વિના પણ જીવ સ્વર્ગસ્થ થઈ શકે છે એ પણ જાણ્યું.

કોરોના પહેલાનો અને કોરોના પછીનો સમય ઘણો બદલાયલો હશે એટલું જ નહીં સદંતર બદલાઈ જશે. એક બીજાને મળ્યા વગર સભા મિટીંગ મેળાવડા, મહેફિલ મુશાયરા, નાટક, સંગીત કાર્યક્રમની સંખ્યા વધી જશે કીટીપાર્ટીઓ, સોશ્યલગ્રુપોના સંમેલન, ધાર્મિક આયોજન પર અંકુશો આવશે. જે હવે ઓછા ખર્ચે ઓનલાઈન થશે.

ધંધા રોજગારને પાટે ચડતાં કષ્ટ પડશે, કામગાર વર્ગની અછત થશે. પગારદારોને ઘણા વર્ષો સુધી સહન કરવું પડશે. દરેક જણે મોજ શોખના ખર્ચ ઉપર અંકુશ લાવવું પડશે. આમ બધી રીતે જીવન શૈલીમાં બદલાવ લાવવું પડશે.

કોરોના પાછળ પડ્યું છે. એ પોતાની રીતે પાછો નહીં વળે. એનાથી કેમ બચી શકીએ એ રીતે જીવન શૈલીને વ્યવહારમાં ઢાળી શકી શું તો જરૂર સફળ થઈશું. આ મહામારીના ભયથી ભયભીત થઈ જીવવાથી કંઈ વળવાનું નથી, પ્રાપ્ત થવાનું નથી. ઉલ્ટાનું ખોવાનો વારો આવશે. માટે તંદુરસ્તી જળવાઈ રહે એવા ઉપચાર કરીએ, સુરક્ષિત અંતર જળવાઈ રહે એવી સજાગતા રાખીએ. હાથોને ધોતાં રહીએ અને નાક મોંઢાને સુરક્ષિત પટલથી ઢાંકીને રાખીએ. આ સાવધાની સૌ રાખે, અપવાવે એ જરૂરી છે.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

## જ્ઞાતિજનો, ટ્રસ્ટીઓ અને સર્વે સંસ્થાના પદાધિકારીઓને હૃદયપૂર્વક અપીલ

# જમાના સાથે કદમ મિલાવો, સંસ્થાઓ, યુવા નેતાઓ કેડીઓ કાર્ડને ઘર ઘર પહોંચાડવામાં જાગૃતતા લાવો



**નીશિથ દંડ**
**(સેક્રેટરી જનરલ)**

સમસ્ત મહાજન દ્વારા શરૂ કરવામાં આવેલી કેડીઓ કાર્ડ યોજનાનો લાભ જ્ઞાતિના દરેક કુટુંબ સુધી પહોંચાડવાનું અભિયાન શરૂ થઈ ગયેલ છે. કેડીઓ કાર્ડ એટલે એક પ્રગતિશીલ અને સમય સાથે કદમ મિલાવીને ચાલનારી જ્ઞાતિ તરીકે ઓળખ આપતું આપણું કેન્દ્રવર્તી માધ્યમ, એકબીજાને મળવાનું, એકબીજાને ઓળખવાનું સાધન.

વર્તમાનકાળ એટલે ડીજીટલનો જમાનો. કોમ્પ્યુટર અને મોબાઈલ જેવી ડીજીટલ ટેક્નોલોજીએ આપણા રોજબરોજના જીવનને આપણે કદી કલ્પના પણ નહોતી કરી એટલું સરળ બનાવી દીધું છે. એ જ સરળતા કેડીઓ કાર્ડની ડીજીટલ ટેક્નોલોજી આપણને શોપિંગ અને આર્થિક લેવડદેવડ માટે ઉપલબ્ધ કરાવી રહી છે તેનો મહત્તમ લાભ દરેક જ્ઞાતિજનએ લેવો જ રહ્યો. આપણે સૌ જેટલો વધુમાં વધુ કેડીઓ કાર્ડનો ઉપયોગ આપણી દરેક પ્રકારની ખરીદી માટે, તેમજ ફ્રેન્ચાઈઝી માટે કરીશું તેટલું વધુ ડિસ્કાઉન્ટ આપણે સંઘશક્તિના લાભથી વિવિધ કંપનીઓ પાસેથી મેળવી શકીશું. આ માટે યુવાનો, વયસ્કો, મહિલાઓ અને વરિષ્ઠો સહિત સર્વ જ્ઞાતિજનોએ કેડીઓ કાર્ડ અભિયાનમાં જોડાવાની જરૂર છે. જ્યાં સુધી આપણે આપણી હદમાં વસતા જ્ઞાતિજનોને આ અભિયાનમાં ભેળવશું નહીં ત્યાં સુધી કેડીઓ કાર્ડની અને તેને શરૂ કરવા પાછળ સમસ્ત મહાજનનનો જે ઉદ્દેશ હતો તેની પરિપૂર્ણતા થશે નહીં.

**પ્રથમ તો મુંબઈમાંના નવા વરાયેલા પદાધિકારીઓ અને ટ્રસ્ટી મહોદયોને ચૂંટાયા બદલ ખુબ ખુબ અભિનંદન. હવે ઉત્સાહી અને સાહસિક પદાધિકારીઓ તેમજ કમિટી મેમ્બરો જેઓ નવી માર્કેટીંગ સીસ્ટમને બહુ સારી રીતે જાણે છે તેમને અપીલ કે કેડીઓ કાર્ડને દરેક ઘરમાં પહોંચે અને જ્ઞાતિજનો તેનો વધુમાં વધુ ઉપયોગ કરીને તેના દ્વારા મળતા લાભ વધુમાં વધુ પ્રમાણમાં મેળવે તે માટે એક ઝુંબેશ ઉપાડે.**

મુંબઈમાં પણ કલેકટીવ પર્ચેઝિંગ પાવરના પ્રતિરૂપ આપણી જ્ઞાતિની ૧૭૦૦૦ પ્લસની વસ્તી છે અને આપ આપની ટીમ સાથે આ કાર્ય સુપેરે કરી શકો છો. કંઈક એવું કરો જેથી સમસ્ત મહાજનની કેડીઓ કાર્ડ સ્કીમની ઉપયોગિતા સાબિત થાય અને સર્વે અન્ય મહાજનો પણ પ્રેરિત થાય. દેશ-દેશાવરમાં વસતા સર્વે મહાજનોને પણ વિનંતી આ કાર્ય કરવા જેવું છે, કરવું જ જોઈએ અને કરવું જ પડશે. આપ સહુ આ યજ્ઞમાં જોડાવ અને વધુમાં વધુ કેડીઓ કાર્ડ આપણા જ્ઞાતિજનો લે તેવું અભિયાન ચલાવો.

ડોનર કાર્ડની જ્યાં પણ તમને જરૂર લાગે ત્યાં અમને ફોન કરશો અમે તે શ્રેષ્ઠીઓને અમે સામેથી ફોન કરી અને તેમની લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવવાનો પ્રયત્ન કરીશું. ચાલો, આપણે આ કોરોના કાળમાં દિવાળી સુધી એક લક્ષ્ય નિર્ધારિત કરીએ અને આપણા બધા જ્ઞાતિજનોને કેડીઓ કાર્ડ અપાવવાનો સંકલ્પ કરીએ.

## જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# કેડીઓ ગ્લોબલ કાર્ડની જ્ઞાતિમાં વ્યવસાયિક આગેકૂચ




સમસ્ત મહાજનની સ્થાપનાનો ઉદ્દેશ દેશભરના મહાજનો સાથે સંકલન કરી દેશ-વિદેશના કોઈ પણ છેડે વસતો જ્ઞાતિજન એક બીજા સાથે સમન્વય સાધી જ્ઞાતિ સાથે જોડાયેલો રહે. **વસુદૈવ કુટુંબકમ**ની ભાવના રાખી નાના મોટા, રંક કે રાય વર્ગના સૌ એક છત્ર હેઠળ રહી દુઃખ, દર્દ, કષ્ટ, આપતિના સંજોગોમાં પણ સાથ સહયોગ આપી મદદરૂપ થાય એવી ભાવના સાથે જોડાયેલા રહે. એવી ઉચ્ચ ભાવના સાથે વિવિધ કાર્ય પ્રવૃતિ થઈ રહી છે.

નલિયા મધે યોજાયેલા ચતુર્થ સંમેલનને આજે ૧૯ મહિના જેટલો સમય ગાળો થઈ ગયો છે. આ સંમેલનમાં જે કંઈ પણ યોજનાની રજૂઆત તેનું અમલીકરણ પણ સારી રીતે સફળતા પૂર્વક થઈ રહ્યું છે.

આવી એક ઉત્તમ અને અપ્રતિમ યોજનાની વાત અત્રે પ્રસ્તુત કરીએ છીએ એ છે કેડીઓ ગ્લોબલ કાર્ડ.

જેમ ભારતીય હોવાની ઓળખ અને આધાર ભૂત પુરાવો છે આધારકાર્ડ. એજ રીતે કચ્છી દશા જ્ઞાતિજનની ઓળખ, સ્વાભિમાનનું પ્રતિક છે આ ગ્લોબલ કાર્ડ. પણ તે સાથો સાથ આ કાર્ડ ધરાવનાર સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજનના વિવિધ પ્રકલ્પોના લાભ પણ સીધી રીતે, સરળ રીતે મેળવી શકે છે. જૈન માયનોરિટી સહ અન્ય લાભો પણ મળી શકે છે. તે ઉપરાંત સમસ્ત મહાજન દ્વાર જે કોઈ પણ વ્યાપારી સંસ્થાન, કંપની, હૉસ્પિટલ, લેબ, સ્કૂલ, કોલેજો, મોલ સુપર બજાર જેવી પ્રતિષ્ઠાનો સાથે ટાઈઅપ ભવિષ્યમાં થશે તેનો ડિસ્કાઉન્ટનો લાભ પણ કોઈની સાથે વાત કર્યા વગર, કોઈની લાગવગ-ઓળખાણ દર્શાવ્યા વગર માત્ર કાર્ડ બતાડવાથી મળશે.

દેશના નાગરિક હોવાની ઓળખ આધારકાર્ડથી થાય છે વિદેશ પ્રવાસમાં પાસપોર્ટથી થાય છે. બેંક, ઈન્કમટેક્સ, જીએસટી ડિપાર્ટમેન્ટમાં પેનકાર્ડ એ ભારતીયની ઓળખ છે. એવી જ રીતે કચ્છી દશા જ્ઞાતિજનની ઓળખ આપશે કેડીઓ ગ્લોબલ કાર્ડ. 'એક કાર્ડ અનેક કામ' એ એની ઓળખ છે.

કેડીઓ ગ્લોબલ કાર્ડ સમિતિ દ્વારા ચતુર્થ સંમેલન પછી લગભગ માત્ર સાડાત્રણ માસના ગાળામાં એટલે કે તા. ૧૪ એપ્રિલ ૨૦૧૯ના રોજે આ કાર્ડનું લોન્ચિંગ થયું. ૧૪ તારીખથી શરૂઆત એટલે આપણા અનંતનાથજી તીર્થંકરનો નંબર આ શુભ નંબરથી શરૂ થતા સૌ પ્રકલ્પને સારી ઊર્જા મળે છે. એવી આપણી પ્રખર માન્યતા છે અને એ હકિકત સિધ્ધ આસ્થા પણ છે.

## કે.ડી.ઓ. ગ્લોબલ કાર્ડના ફાયદા શું?

સૌને પ્રશ્ન જરૂર થાય કે દેશમાં પ્રચલિત ઈલેક્શન કાર્ડ, પેન કાર્ડ, આધાર કાર્ડ, પાસપોર્ટ વગેરે ઓળખ ધરાવતા માધ્યમ છે તો પછી જ્ઞાતિ માટે આ નવું કાર્ડ શા માટે?

આપણી જ્ઞાતિની વસતી અંદાજે ત્રીસ હજારની છે. દશા જ્ઞાતિજનો કચ્છ, મુંબઈ, ગુજરાતના વિવિધ શહેરો, મહારાષ્ટ્રના પ્રાંતોમાં, એમ.પી., કર્ણાટક, કેરલ, કલકત્તા ઉપરાંત છૂટા છવાયા દેશભરમાં વસેલા છે. એક શહેરથી બીજા શહેરમાં જતો જ્ઞાતિજન કોઈપણ દુકાન, હોટલ, એફએમસીજી કાં. શોરૂમ, બીગ બ્રાન્ડેડ આઉટલેટ ઉપરાંત નાના મોટા વ્યાપાર

# કેડીઓ ગ્લોબલ કાર્ડની જ્ઞાતિમાં વ્યવસાયિક આગેકૂચ

પ્રતિષ્ઠાનોમાંથી ખરીદી કરવા કે તેમની સેવા લેવા આ કાર્ડ બતાડવાથી ડિસ્કાઉન્ટ પ્રાપ્ત થશે. આમાં હોસ્પિટલ, સ્કૂલ, કોલેજ, પેથોલોજી લેબ પણ હશે. આવા લાભ આપતા કેન્દ્રો, કંપનીઓ ભવિષ્યમાં વિસ્તૃત થતા ઉમેરતા જશે તેમ તેમ કાર્ડ ધરાવતા જ્ઞાતિજનોને ડગલે ને પગલે ફાયદો થતો જશે.

**સમસ્ત મહાજનની સર્વે યોજના લાભ માટે ગ્લોબલ કાર્ડ જરૂરી**

સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન સંચાલિત કરાતી સર્વે યોજનાઓનો લાભ મેળવવા ગ્લોબલ કાર્ડ ધરાવવું જરૂરી રહેશે કે પછી કોઈપણ યોજનામાં સામેલ થવાની વાત હશે ત્યારે આ કાર્ડ બહુ જરૂરી જશે.

**શું ગ્લોબલ કાર્ડ મેળવવા માટે મોટી રકમ ખર્ચવી પડશે?**

જી ના, બિલકુલ નહીં. આ યોજનામાં નાનામાં નાનો વ્યક્તિ પણ આસાનીથી જોડાઈ શકે એ માટે ટોપથી બોટમથી સુધી વિવિધ કેટેગરી બનાવી છે. ચાર કેટેગરી ડોનર કાર્ડ અને એક કેટેગરી સામાન્યજન માટે.




**૧) પ્લેટિનમ ડોનર કાર્ડ :** આ કાર્ડ માટે રૂા. પાંચ લાખના કિંમત રખાઈ છે. જે કાર્ડધારકની પછીની જનરેશનને પણ ચાલશે. આ સ્કીમમાં એક મેઈન કાર્ડની સાથે છ કાર્ડ પરિવારજનો માટે એડ ઓન આપવામાં આવશે. ૧+૬=કુલ ૭ કાર્ડ. આ બધા જ કાર્ડ નેક્સ્ટ જનરેશન સુધી ચાલશે.




**૨) ગોલ્ડ ડોનર કાર્ડ :** આ કાર્ડની કિંમત રૂા. ત્રણ લાખ છે. જે લાઈફ ટાઈમ કાર્ડ રહેશે. જેમાં પરિવારજનોને માટે ચાર કાર્ડ આપવામાં આવશે. બધા જ કાર્ડ લાઈફ ટાઈમ સુધી વેલીડ રહેશે.




**૩) સિલ્વર ડોનર કાર્ડ :** આ કાર્ડ માટે રૂા. એક લાખ કિંમત અદા કરવી પડશે. જે લાઈફ ટાઈમ સુધી માન્ય રહેશે. આ કાર્ડની સાથે વધારાનો એક કાર્ડ અપાશે. જે પણ લાઈફ ટાઈમ પર્યંત ચાલશે.




**૪) બ્રોન્ઝ ડોનર કાર્ડ :** આ કાર્ડની કિંમત રૂા. ૧૦ હજાર રખાઈ છે. જે પંચવાર્ષિક ભરવાના રહેશે. આ કાર્ડની વેલીડીટી પાંચ વર્ષની રહેશે.




**૫) બ્લુ કાર્ડ :** આ કાર્ડની કિંમત માત્ર રૂા. ૨૦૦ વાર્ષિક છે. પાંચ વરસ માટે રૂા. ૮૦૦ ભરવાના રહેશે. જેથી પાંચ વર્ષ માટે મેમ્બરશીપ વેલિડ રહેશે.

દરેકે દરેક જ્ઞાતિજનો એ આ પાચમાંથી કોઈપણ એક કાર્ડ લેવાનું રહેશે.

**આ કાર્ડને કેવો, કેટલો મળ્યો છે આવકાર**

સમસ્ત મહાજન આયોજિત ચતુર્થ સંમેલનમાં જ્ઞાતિના દાનવીર શ્રેષ્ઠીઓ, દરિયાદિલી જ્ઞાતિજનોએ ડોનેશન કાર્ડ એટલે પ્રથમ કેટેગરીના પ્લેટિનમ કાર્ડ રૂા. પાંચ લાખના આઠ જેટલા પ્લેટિનમ કાર્ડ માટે વચનો સહમતી આપેલ.

આ ઉપરાંત આ સંમેલનમાં શ્રેષ્ઠી દાતાઓ એ ડોનેશન કાર્ડ માટેના વચનો આપી પ્રારંભિક શુભ શરૂઆત કરાવી તેવી જ રીતે વિવિધ મહાજનોએ તેમજ વ્યક્તિગત દાતાઓએ પોતાપોતાના એરિયામાં ઘણા કાર્ડની યોજના માટે વચનો આપ્યાને ઉમદા હૂંફ આપી.

જે કોઈપણ મહાજન દ્વારા કાર્ડના ફોર્મસ ભરવામાં આવે છે તે માટે શ્રી સમસ્ત મહાજન દ્વારા જે તે સ્થાનિક મહાજનને પ્રોત્સાહન સ્વરૂપે ૨૦ ટકા ઈન્સેન્ટિવ આપવામાં આવે છે.

જ્ઞાતિ શિરોમણિ, ખમીરવંતા, સાહસી શેઠશ્રી નરશી નાથા, શેઠશ્રી કેશવજી નાયક જેવા મહાનુભાવોને ચીલે ચાલી જ્ઞાતિ સંગે રહી ઉત્કર્ષ યોજનાને ટેકો આપી એમાં જોડાઈએ. એ સૌ જ્ઞાતિજનોની પવિત્ર ફરજ છે. જે અદા કરવી જોઈએ. આ

# કેડીઓ ગ્લોબલ કાર્ડની જ્ઞાતિમાં વ્યવસાયિક આગેકૂચ

માટે શેઠશ્રી નરશી નાથાના આ ઐતિહાસિક ઉદ્‌બોધન વાક્યને હૈયામાં કંડારી લઈએ. તેઓશ્રી એ કહ્યું હતું કે 'જ્ઞાતિ મારા માટે શું કરે છે તે નહીં હું જ્ઞાતિ માટે શું કરું છું?'

**સર્વે જ્ઞાતિજનો, મહાજનો, એકમો, મંડળોની આછે પવિત્ર ફરજ**

દેશના વિવિધ રાજ્યના શહેરોમાં આવેલ મહાજનો, એકમો મંડળો તેમજ મહાસમિતિના સૌ સભ્યો અને જાગૃત જ્ઞાતિજનો. આ કાર્ડનું ફોર્મ ભરે સાથો સાથ આ માટે સૌને પ્રેરે. ઉપરાંત સર્વ સાધન સંપન્ન દાતાઓ પોતે ડોનેશન કાર્ડ માટે સામેથી ફોર્મ ભરી જ્ઞાતિ પ્રત્યેની ફરજ પૂરી કરે.

**જ્ઞાતિજનો સંનિષ્ઠ સંકલ્પ**

સર્વે સંસ્થાકીય ટ્રસ્ટી, સમસ્ત મહાજનની મહાસમિતિના સભ્યો, જ્ઞાતિ મહાજનો, એકમ, મંડળ, સંઘના પદાધિકારીઓ એ સૌ પોતપોતાના વિસ્તારમાં સ્થાનિકમાં આવેલ સર્વે નાની મોટી દુકાનો, હોટલો, રેસ્ટોરાં, શોપિંગ મોલ, શૉ રૂમ, હોસ્પિટલ, પેથોલેજી લેબ વગેરે વ્યાપારી પ્રતિષ્ઠાનો સાથે પોતાની ઓળખ, વગનો લાભ લઈ તેમની સાથે ગ્લોબલ કાર્ડ સ્કીમની ડીલ બાબતે તેમને વિસ્તૃત માહિતી આપી MOU મંજૂર કરાવવામાં સહાયરૂપ થાય જેથી આપના વિસ્તારમાં કેડીઓ ગ્લોબલ કાર્ડ હોલ્ડરને વધારને વધારે લાભ મળતો રહે. દરેક રાજ્યના નાના મોટા શહેરોમાં ગ્લોબલ કાર્ડ ધારકને ડિસ્કાઉન્ટ લાભ મળતો થશે. એટલો એનો પ્રસાર, પ્રચાર અને પ્રભાવ પણ વધશે જે આખરે જ્ઞાતિજનને લાભપ્રદ થશે.

દરેક જ્ઞાતિજન સ્થાનિક મહાજનો સંપર્ક કરે અથવા સમસ્ત મહાજનની વેબસાઈટ ઉપર અથવા http://www.kdosm.in લિંક ઉપર ક્લિક કરી જ્ઞાતિજન તરીકેની નૈતિક ફરજ પૂરી કરે એવી આશા જરૂર કરીએ. વધુ વિગત જાણકારી માટે કેડીઓ સેવા નં.૦૯૦૯૯૦૪૧૪૧૪ ઉપર કોલ કરવો અથવા seva@kdosm.org ઉપર ઈમેલ કરો અથવા કોઈપણ પદાધિકારીનો સંપર્ક સાધી શકો છો.

---



ચેરમેન કુમાર બાબુભાઈ દંડ આ કેડીઓ કાર્ડની સ્કીમ માટે પ્રત્યેક જ્ઞાતિજનોને તેના મેમ્બર બનવા આહ્‌વાન કરતાં કહે છે કે જ્ઞાતિનો સામાન્ય જન પણ વાર્ષિક માત્ર રૂ.૨૦૦ ભરી કાર્ડ હોલ્ડર બની શકે છે. આમાંથી ૨૦ ટકા ઈન્સેન્ટિવ સ્થાનિક મહાજનને આપવાના છે. બાકીના રૂ.૧૬૦ સિલક રહેશે. જેનાથી બધા વહીવટી ખર્ચા સંચાલિત થશે.

આ રકમ માત્ર મેમ્બરશીપ માટે જ છે. જેથી સમસ્ત મહાજનની યોજનાઓનો લાભ મળશે એ વિશેષ ફાયદો છે. માત્ર ૩૦ હજારની વસતી હોવા છતાં વિવિધ યોજનાઓ જ્ઞાતિજનોને આવરી લેવાયા છે. ઓછામાં ઓછો એક કાર્ડ જ્ઞાતિજનએ પોતાની શક્તિ અનુસાર લેવું જરૂરી છે. જેથી કાર્ડ હોલ્ડરનો રાઈટ જળવાઈ રહેશે. સંસ્થાને ચલાવવા કોઈપણ આવક કે આમદાનીનો સોર્સ હોવું જરૂરી છે માટે દરેકે દરેક જ્ઞાતિજન આ કાર્ડ દ્વારા મેમ્બરશીપ લે જેથી સંસ્થાનો નિભાવ સરળતાથી થાય અને દરેક કાર્ય સરળતાથી કરી શકે.

કાર્ડના લાભ મેળવવા માટેના સ્ત્રોત આપણે પોતે શોધવા પડશે. જ્યાં જ્યાં આપણા જ્ઞાતિ સમાજની વસતી છે એ દરેકે દરેક શહેરમાં, પ્રદેશ, રાજ્યમાં મોટા વ્યાપારી પ્રતિષ્ઠાનો મોટી મોટી બ્રાન્ડ કાું.નો સંપર્ક કરી ત્યાં વસતા આપણા જ્ઞાતિજનો ડીલ કરી વેપાર આપવાનો ભરોસો આપી નક્કી ડિસ્કાઉન્ટ મેળવે તો ત્યાં વસતા જ્ઞાતિજનો એનો સારો લાભ મેળવી શકશે. આ કાર્ડ સ્કીમની યોજનાની તેમને માહિતી આપી શકે છે. આનાથી બંન્ને પક્ષને ફાયદો થશે.

મેટ્રોપોલીસી જેવી જાયન્ટ લેબ પણ આ ડીસ્કાઉન્ટ સ્કીમનો ભાગ બની જોડાઈ છે. આવી રીતે દરેક મોટી બ્રાન્ડ પાસેથી આવી ડીલ દ્વારા ફાયદો મેળવી શકાય છે. મુંબઈમાં જે કાું. સાથે ડીલ થશે એ ગદગ, હુબલી કે કોલકતાના જ્ઞાતિજનને એનો લાભ નહીં મળે. એમની માટે ત્યાંની કાું઼ઓ સાથે MOU કરવું પડશે. જે માટે ખાસ સ્થાનિક આગેવાનોની સક્રિયતા અગત્યની રહેશે. આ એકલ દોકલનું કામ નથી. સહિયારૂં કાર્ય છે અને એમાં સૌના સાથથી જરૂર સફળતાને વરશે એનો પૂરો વિશ્વાસ છે.

**- કેડીઓ ગ્લોબલ કાર્ડ સમિતિ ચેરમેન કુમાર બાબુભાઈ દંડ, મુંબઈ(તેરા)**

# કેડીઓ ગ્લોબલ કાર્ડની જ્ઞાતિમાં વ્યવસાયિક આગેકૂચ



ચતુર્થ જ્ઞાતિ સંમેલનમાં દિવ્ય દ્રષ્ટિને અનુલક્ષીને આ ગ્લોબલ કાર્ડ સમાજ સમક્ષ લાવવામાં આવ્યું છે. જેના દ્વારા આપણી નજદીકના પરિસર તથા દેશભરમાં આ કાર્ડ દ્વારા વિવિધ યોજનાઓ તથા ટાઈઅપ થયેલ બ્રાન્ડ, હૉસ્પિટલો, લેબોરેટરી અને દુકાનો વગેરેનો લાભ લઈ શકશો એક જ્ઞાતિજન તરીકે શું આપણી જવાબદારી નથી કે એક વર્ષના રૂા.૨૦૦ ચૂકવી આ કાર્ડ આપણે લેવું જ જોઈએ. આપના આપેલા રૂા.૨૦૦ કોઈ વ્યર્થ જવાના નથી આ રૂા.૨૦૦થી આપણી જ્ઞાતિની વિવિધ પ્રવૃત્તિઓનું એડમિનિસ્ટ્રેશન ખર્ચમાં અને જ્ઞાતિના વિકાસ માટે જ વપરાશે. જ્ઞાતિજનોના સાથ સહકારની અપેક્ષા સાથે આ ભગીરથ કાર્યને આપણે સફળ બનાવીએ.

તો ચાલો દરેક સ્થાનિક મહાજનો અને ટ્રસ્ટો તેમજ જ્ઞાતિજનો આપણે આપણા સમાજને પ્રગતિના માર્ગે લઈ જવા આ ગ્લોબલ કાર્ડનો વધુથી વધુ પ્રચાર કરી જ્ઞાતિને તેના ફાયદાઓ અપાવીએ.

**- કન્વિનિયર મુલચંદ ભાઈ પદમશી મોતા-બડગરા(નલિયા)**

---



KDO Global card is a unique value proposition which was envisioned to provide benefits to our members with discounts and special offers from tie ups with Shops, hospitals, educational institutes etc.

This is first such initiative by any community and all Gnati members should take advantage of this and make it a great success.

**- વાઈસ-ચેરમેન મિતેશભાઈ પ્રવિણચંદ્ર લોડાયા,બેંગલોર(નલિયા)**

---



આજના આ નવયુગમાં નવીન ટેક્નોલોજીનો ઉપયોગ થઈ રહ્યો છે એવી જ રીતે આ નવી ટેક્નોલોજી અને સોફ્ટવેરનો ઉપયોગ આ કાર્ડ માટે કરવામાં આવ્યો છે. આ કાર્ડ મારફતે થતી ઓફરોને વધારે ને વધારે ફાયદાજનક બનાવવા માટે દરેક સ્થાનિક મહાજનો તથા જ્ઞાતિજનોને વિનંતી છે કે તમારા જ પરિસરમાં તમારી ઓળખાણની દુકાનો, હૉસ્પિટલો, લેબોરેટરી વગેરેને એમઓયુ દ્વારા આ સ્કીમમાં જોડાવવા માટે મદદરૂપ થાવ.

**- સેક્રેટરી ફોરમ દિનેશ લોડાયા-વડોદરા(સાંયરા)**

---



જેમ આધાર કાર્ડ ભારતીય નાગરિક હોવાની ઓળખ છે તેવી જ રીતે કચ્છી દશા ઓશવાળ જ્ઞાતિની ઓળખ છે 'ગ્લોબલ કાર્ડ' સમસ્ત મહાજનના તથા જ્ઞાતિના દરેકે દરેક લાભ લેવા ભવિષ્યમાં આ કાર્ડ જરૂરી બની જશે. આ કાર્ડ દ્વારા બહોળા લાભ દરેકને મળે માટે આપણી જવાબદારી છે કે સ્થાનિક મહાજન તથા ટ્રસ્ટો આપણે સૌ હાથ થી હાથ અને ખભા થી ખભા મેળવી આ કાર્ડને સફળતાના શીખરે પહોંચાડીએ.

**- જોઈન્ટ સેક્રેટરી વિનય હીરાચંદ લોડાયા,ડોમ્બિવલી(વારાપધર)**

---



કે.ડી.ઓ. ગ્લોબલ કાર્ડ એ દરેક કે.ડી.ઓ.ની એક ઓળખ છે. ગ્લોબલ કાર્ડના માધ્યમથી સમસ્ત મહાજનની અલગ અલગ સ્કીમનો લાભ લઈ શકાય છે. સાથે સાથે ઘણા શહેરોની લેબોરેટરી, હોટલ, પ્રોવિઝન સ્ટોર તથા રેડીમેડ ગારમેન્ટ સાથે ટાઈઅપ કરેલ છે જેનો લાભ આપણા બધા કે.ડી.ઓ.ને મળી શકે છે.

**- ખજાનચી ચંદ્રેશ દિનેશ નાગડા-વડોદરા(નલિયા)**

---



ગ્લોબલ કાર્ડના પ્રસાર અને પ્રચાર માટે પાયાથી જહેમત ઉઠાવી રહેલા બાંઢિયા વડોદરાના શીતલ રાજેશભાઈ ધુલ્લા ગ્લોબલ કાર્ડ યોજના વિષે પોતાના મનમાં વિચાર વ્યક્ત કરતા કહે છે કે 'કેડીઓની આઈડેન્ટી માટે આ કાર્ડ પ્રત્યેક જ્ઞાતિજન પાસે હોવું જરૂરી છે. આ કાર્ડ જ્ઞાતિના આત્મભિમાન અને સ્વાભિમાનનું દર્પણ છે. આ કાર્ડ ધારકને વ્યક્તિગત તેમજ બિઝનેશમાં પણ બીટુબીની રીતે ફાયદો થશે. વાર્ષિક નજીવી રકમના ચાર્જીસથી અઢળક ફાયદા સામાન્યથી ખમતીધર વ્યક્તિને સમાન રીતે મળશે. માટે સૌએ કાર્ડ હોલ્ડર તરીકે વહેલી તકે આમાં પોતાને જોડવું જોઈએ.'

**- કો-ઓર્ડિનેટર શ્રીમતી શીતલ રાજેશ ધુલ્લા-વડોદરા(બાઢિયા)**

# એરિયાવાઈસ કેડીઓ ગ્લોબલ કાર્ડની યાદી

ચતુર્થ સંમેલન દરમ્યાન જ્યારે ગ્લોબલ કાર્ડની જાહેરાત થઈ ત્યારે સર્વ જ્ઞાતિજનોએ આ સ્કીમને આવકારી હતી અને આગળ વધવા જણાવ્યું હતું. ત્યારબાદ ૧૪મી એપ્રિલના રોજ મુંબઈ ખાતે મળેલ વચનપૂર્તિ કાર્યક્રમમાં નીચે પ્રમાણેના મહાજનોએ કાર્ડ લેવાની બાયંધરી આપી હતી જે આજ દિવસે તેની શું પરિસ્થિતિ છે કેટલા કાર્ડ ઈસ્યુ થયા છે અને કેટલા કાર્ડો ઈસ્યુ થવાના બાકી છે તેની વિગત નીચેના ટેબલમાં આપી છે. જે એરીયામાં કાર્ડ અવેલેબલ છે તેઓ ત્યાના પ્રતિનિધિઓનો સંપર્ક સાધી અને આ ભગીરથ સ્કીમમાં ભાગ લઈ અને સ્કીમને સક્સેસ કરે.

| Sr No | Name | Place | Committted | Cards Received | Pending Cards | Remarks |
|---|---|---|---|---|---|---|
| 1 | Shri Anantnathji Trust-Mumbai Mahajan | Mumbai | 1400 | 425 | 975 | Partial Pending |
| 2 | Shri Kulin Padamshi Peer (Lodaya) for Dombivaliwasis | Dombivli | 500 | 0 | 500 | Pending |
| 3 | Shri Mahendra Dosabhai Khimji momaya | Baroi - Nashik | 100 | 0 | 100 | Pending |
| 4 | Shri Jasapar KDO Jain Gnati Mahajan | Jashapar | 25 | 0 | 25 | Pending |
| 5 | Shri Gadag KDO Jain Gnati Mahajan | Gadag | 175 | 0 | 175 | Pending |
| 6 | Shri Ketan Kulinkant Nagda | Nanded | 250 | 0 | 250 | Pending |
| 7 | Shri Karanja KDO Jain Gnati Mahajan | Karanja | 75 | 0 | 75 | Pending |
| 8 | Shri Vadodara KDO Jain Gnati Mahajan | Vadodara | 600 | 25 | 575 | Pending |
| 9 | Shri Prashant Padamshi Lalka | Pune | 250 | 0 | 250 | Pending |
| 10 | Shri Raipur KDO Jain Gnati Mahajan | Raipur | 250 | 0 | 250 | Pending |
| 11 | Paschim Ekkam - Small Village Non Mahajan | Paschim Ekkam | | 0 | 0 | Pending |
| 12 | Matushri.Vimlaben Shivji Lodaya for Vardhman Nagar, Bhujodi | Varapadhar (Bhuj) | 60 | 0 | 60 | Pending |
| 13 | Jalgaon Mahajan | Jalgaon | 250 | 55 | 195 | Pending |
| 14 | Chennai Mahajan | Chennai | 40 | 0 | 40 | Pending |
| 15 | Hyderabad Mahajan | Hyderabad | 200 | 0 | 200 | Pending |
| 16 | Kolkatta Mahajan | Kolkatta | 110 | 0 | 110 | Pending |
| 17 | Nashik Mahajan | Nashik | 150 | 0 | 150 | Pending |
| 18 | Khandwa Mahajan | Khandwa | 50 | 0 | 50 | Pending |
| 19 | Matushri. Navalbai Somchand Munvar | Bellari | 50 | 0 | 50 | Pending |
| 20 | Hiravanti Laherchand velji manshi dharamshi for Jaruriyatnmand | Suthri | 50 | 0 | 50 | Pending |
| 21 | Vapi Mahajan Hast : Khushal bhai | Vapi | 50 | 0 | 50 | Pending |
| 22 | Amalner Mahajan | Amalner | 35 | 0 | 35 | Pending |
| 23 | Ankleshwar Mahajan | Ankleshwar | 50 | 0 | 50 | Pending |
| 24 | Jakhau Mahajan tatha Ratnatunk Jain Derasar Trust | Jakhau | 200 | 0 | 200 | Pending |
| 25 | Shri Chopda KDO Jain Gnati Mahajan | Chopda | 35 | 0 | 35 | All Received |
| 26 | Matushri Jayvantiben Bhavanji Lodaya/Shah for Pachora | Pachora | 60 | 0 | 60 | All Received |
| 27 | Chalisgaon Mahajan | Chalisgaon | 100 | 100 | 0 | All Received |
| 28 | Parola Mahajan | Parol | 25 | 0 | 25 | All Received |

# કેડીઓ ગ્લોબલ કાર્ડ ધરાવનારા જ્ઞાતિજનો

## પ્લેટીનમ ગ્લોબલ કાર્ડ ધારક

| Sr. No.. | Cards | Name | Place |
|---|---|---|---|
| 1 | Rs.5/- Lakhs | Shri Hans B. Khimji | Matunga |
| 2 | Rs.5/- Lakhs | Shri Bhupendra Murji Dand | Navi Mumbai |
| 3 | Rs.5/- Lakhs | Shri Tarunbhai Ratanshi Lodaya | Ujjain |
| 4 | Rs.5/- Lakhs | Shrimati Taramati Laherchand Khimji Nagda | Ghatkopar |
| 5 | Rs.5/- Lakhs | Shri Tilakchand Karamchand Vikamshi | Hubli |
| 6 | Rs.5/- Lakhs | Shri Nishith Anand Dand | Vadodara |
| 7 | Rs.5/- Lakhs | Shri Jayant Bhavanji Soni | Juhu |
| 8 | Rs.5/- Lakhs | Smt. Vasantiben Navinchandra Khona | Naliya |

## સીલ્વર ગ્લોબલ કાર્ડ ધારક

| Sr. no. | Cards | Name | Place |
|---|---|---|---|
| 1 | 1 Lakh | Shri Tilokchand Narshi Dand | Malkapur |
| 2 | 1 Lakh | Shri Chatrapati Narshi Dand | Malkapur |
| 3 | 1 Lakh | Dr. Shri Kantilal Narshi Dand | Malkapur |
| 4 | 1 Lakh | Shri Pravin Narshi Dand | Malkapur |
| 5 | 1 Lakh | Shri Bharat Narshi Dand | Malkapur |
| 6 | 1 Lakh | Matushri Kasturibai Peer | Naliya |
| 7 | 1 Lakh | Shri Rajesh Devji Dharamshi | Sangli |

## બ્રોન્ઝ ગ્લોબલ કાર્ડ ધારક

| Sr. no. | Cards | Name | Place |
|---|---|---|---|
| 1 | 10,000 | Smt Aruna Rajendra Lodaya | Chopda |
| 2 | 10,000 | Shri Kirti Dhanji Dharamshi | Banglore |

## બ્લુ ગ્લોબલ કાર્ડ ધારક

| Sr. no. | Cards | Name | Place |
|---|---|---|---|
| 1 | 100 | Shri Mahendra Dosabhai Khimji momaya | Baroi - Nashik |
| 2 | 25 | Shri Jasapar KDO Jain Gnati Mahajan | Jashapar |
| 3 | 175 | Shri Gadag KDO Jain Gnati Mahajan | Gadag |
| 4 | 250 | Shri ketan Kulinkant Nagda | Nanded |
| 5 | 75 | Shri Karanja KDO Jain Gnati Mahajan | Karanja |
| 6 | 600 | Shri Vadodara KDO Jain Gnati Mahajan | Vadodara |
| 7 | 250 | Shri Prashant Padamshi Lalka | Pune |
| 8 | 250 | Shri Raipur KDO Jain Gnati Mahajan | Raipur |
| 9 | 35 | Shri Chopda KDO Jain Gnati Mahajan | Chopda |
| 10 | 60 | Shri Pachora KDO Jain Gnati Mahajan | Pachora |
| 11 | 48 | Divya Nilesh Damji Mota (Anniversary) | Dombivli |
| 12 | As Actual | Paschim Ekkam - Small Village Non Mahajan | Paschim Ekkam |
| 13 | As Actual | Mat. Vimlaben Shivji Lodaya | Varapadhar (Bhuj) |
| 14 | 250 | Jalgaon Citizen | Jalgaon |
| 15 | 40 | Chennai Citizen | Chennai |
| 16 | 200 | Hyderabad Citizen | Hyderabad |
| 17 | 100 | Chalisgaon Citizen | Chalisgaon |
| 18 | 110 | Kolkatta Citizen | Kolkatta |
| 19 | 150 | Nashik Citizen | Nashik |
| 20 | 50 | Khandwa Citizen | Khandwa |
| 21 | 50 | Mat. Navalbai Somchand Munvar | Bellari |
| 22 | 50 | Hiravanti Laherchand velji manshi dharamshi | Suthri |
| 23 | 50 | Vapi mahajan Hast : Khushal bhai | Vapi |
| 24 | 35 | Amalner Citizen | Amalner |
| 25 | As Actual | Ankleshwar Mahajan | Ankleshwar |
| 26 | As Actual | Parola Mahajan | Parola |
| 27 | 1400 | Shri Anantnathji Trust | Mumbai |
| 28 | 200 | Shri Kulin Padamshi Peer (Lodaya) | Dombivli |
| 29 | 200 | Jakhau Mahajan tatha Ratnatunk Jain Derasar Trust | Jakhau |

# કેડીઓ ગ્લોબલ કાર્ડ ધારકને ડિસ્કાઉન્ટ આપતી દુકાનો




**CHAKESHWARI MENS WEAR**
Feb 01 2025 Dombiwali
Contact : 8976658858
Organisation : Vipul Shetia
Avail Special 20% Discount on Mens Wear, Shirts, Pant, T Shirts, Big Size Specialist




**FOOT WORLD**
Feb 01 2025 Dombiwali
Contact : 9819458465
Organisation : Arvindbhai/Nareshbhai
Avail Special 10% Discount on Regular Items, 3% Discount on Selected Items




**NX LUGGAGE**
Feb 01 2025 Dombiwali
Contact : 9819316565
Organisation : Devendra Gori
Avail Special 10% to 20% Discount Offer on Ladies Purse, Office Bags, School Bags, College Bags, Travel Bags, Leather Belt, Wallets




**SILVER HOISERY**
Oct 20 2022 Vadodara
Contact : 9376219325
Organisation : Mr. Kiran shah
Avail Special Offer Upto 25% on Under Garments, Barmuda, Tracks, Loungers, Capri & etc.




**VARDAN**
Oct 25 2022 Vadodara
Contact : 9924220647
Organisation : Mr. Kantibhai karani
Avail Special 10 % to 20% Discount on Exclusive Suiting & Shirting




**VAISHALI SAREE CENTRE**
Oct 01 2022 Vadodara
Contact : 9426591024
Organisation : Mr.Khushal Gada
Avail Special 10% Discount on House of Exclusive Sarees

# કેડીઓ ગ્લોબલ કાર્ડ ધારકને ડિસ્કાઉન્ટ આપતી દુકાનો




**NEW LEATHER SALE**
Oct 01 2022 Vadodara
Contact : 9974299111
Organisation : Mr.sajidbhai
Avail Special 15% discounts on Brand Bata & Red Chep, Complete Family Foot Wear




**SIYA**
Oct 01 2022 Vadodara
Contact : 0265-242541
Organisation : Mr.Dhiraj Shah
Avail Special 5 % on School Uniform & 20% on Readymade Dress & Kurti Salwar Kameez




**ROOPMANGAL DESIGNER DIAMOND JEWELLERY**
Sep 14 2025 Dombiwali
Contact : 9833466475
Organisation : Mr. Ramesh Jain
Avail Special 20% Discount on Making Charges for Jewellery (Except on Singapore & Italian Jew)




**BHARAT STORES**
Oct 01 2022 Vadodara
Contact : 9904072340
Organisation : Mr.meghji satara
Avail Special 10 to 20% discount on Mens's wear in Casual, Formal, Ethnic Wear




**ACE SPORTS**
Oct 01 2022 Vadodara
Contact : 0265-2660035
Organisation :
Avail Special 20% on All Sports item




**G MAN**
Oct 01 2022 Vadodara
Contact : 9558220983
Organisation : Mr.S.R.Gala
Avail Specail 30% Discount on Mens Wear

# કેડીઓ ગ્લોબલ કાર્ડ ધારકને ડિસ્કાઉન્ટ આપતી દુકાનો



**BOMBAY PAVBHAJI**
Oct 01 2022 Vadodara
Contact : 6355223145
Organisation : Mr.Bhavin Thakkar
Avail Special 10% Discount on Pavbhaji & Pulav




**Vishal Optical Ind**
Oct 01 2022 Vadodara
Contact : 0265 242 7672
Organisation : Mr. Vishal
Avail Special 15% Discount on All Optical Solutions




**CHAMPION COLLECTIONS**
Oct 01 2022 Vadodara
Contact : 9427034529
Organisation : Mr. Dinesh gada
Avail Special 10% Discount on Ready made Garments & Hosiery




**AMARDEEP KIDS WEAR**
Oct 01 2022 Vadodara
Contact : 7567598253
Organisation : Mr.Mansukh
Avail Special Upto 50% Discount on Kids Wear




**TRIOS**
Oct 01 2022 Vadodara
Contact : 9998345851
Organisation :
Avail Special 30% Discount on Mens wear




**G-10**
Oct 01 2022 Vadodara
Contact : 9558220983
Organisation : Mr.S.R.Gala
Avail Special 30% Discount on Mens's Wear

# કેડીઓ ગ્લોબલ કાર્ડ ધારકને ડિસ્કાઉન્ટ આપતી દુકાનો




**ARVIND**
Oct 01 2022 Vadodara
Contact : 0265-2410209
Organisation : Mr.S R Gala
Avail Special 30% Discount



**KUTCHI DELLI**
Sep 18 2020 VidyaVihar
Contact : 9222020209
Organisation : Mr. Bhavin Shah
Avail Special 10% Discount




**AHUJA HOUSE**
Oct 01 2022 Vadodara
Contact : 9712896227
Organisation : Mr.ashokbhai Ahuja
Avail Special Upto 25% Discount on All types of Shoes




**SHAH BABUBHAI JAMUNADAS**
Oct 01 2022 Vadodara
Contact : 9558801284
Organisation : Mr. Manish
Avail Special 5% Discount on Grain, Kirana, Dry Fruit & masala merchant




**West END Shop**
Oct 01 2022 Vadodara
Contact : 9427352385
Organisation : Mr. Ramnik
Avail Special 10% Discount on Ready made Garments




**Gujarat Dry Cleaners**
Oct 01 2022 Vadodara
Contact : 7041113329
Organisation : Mr. Munir
Avail Special 10% Discount on All types of Dry Cleaning, Roll polish, Machine Polish,

# કેડીઓ ગ્લોબલ કાર્ડ ધારકને ડિસ્કાઉન્ટ આપતી દુકાનો




**SHE ONE**
Oct 01 2020 Vadodara
Contact : 9925092445
Organisation : Mr. Pritam Lalka
Avail Special 20% Discount on Exclusive Chaniya Choli & Punjabi Dresses, L, XL, XXL




**ARIHANT APPAREL**
Sep 22 2020 Vadodara
Contact : 9574047494
Organisation : Mr. Kamlesh Dand
Avail Special 30% Discount to Kdo Global Card Holder on Mens Wear, Ladies Wear, Pant, Shirt T- Shirt Capri, Track Top etc…




**Happy Home**
Oct 01 2022 Vadodara
Contact : 9714057898
Organisation : Mr. Kashish
Avail Special Upto 50% Discount on Electrical Home Appliances,Stainless Steel Utensils, Thermoware, Kitchenware, Gifts & Other many more




**TOTAL SPORTS & FITNESS**

**1**
Sep 18 2020 Dombiwali
Contact : 7045457722
Organisation : Mr Bhavesh Rambhia
Avail Special 10% Discount on Sports & Fitness Purchase

**2**
Sep 18 2020 Santacruz
Contact : 02226481332
Organisation : Mr. Bhavesh Rambhia
Avail Special 10% Discount, info@totalsf.in

**3**
Sep 18 2020 Borivali
Contact : 02228986922
Organisation : Mr Bhavesh Rambhia
Avail Special 10% Discount

**4**
Sep 18 2020 Pune
Contact : 02230950356
Organisation : Mr. Bhavesh Rambhia
Avail Special 10% Discount on Sports & Fitness Purchase

**5**
Sep 18 2020 Dadar
Contact : 02249218333
Organisation : Mr Bhavesh Rambhia
Avail Special 10% Discount on Sports & Fitness Purchase




**VIJITHA TRAINING CO.**
Jan 01 2025, Dombivali
Contact : 9702803000
Organisation : Jayesh Jain
Avail 20% Discount

# કેડીઓ ગ્લોબલ કાર્ડ ધારકને ડિસ્કાઉન્ટ આપતી દુકાનો




**SHREE SHANTI- PETER ENGLAND**

**1**

Oct 01 2022 Ankleshwar
Contact : 02646-650650
Organisation : Mr.Mukesh
Avail Special 10% Discount on All items of PETER ENGLAND

**2**

Oct 01 2022 Vadodara
Contact : 0265-2415415
Organisation : Mr.Mukesh
Avail Special 10% Discount on All items of PETER ENGLAND



**SIDDHI DENTAL CLINIC**

**1**

Sep 07 2025 Adipur
Contact : 2836260256
Organisation : Dr. Seema Abhaykumar Bhimajiani, C.A.X - 02, B/H Old Busstop, Adipur, Kutch
Avail Special life Time 20% Discount On Siddhi Dental Treatment

**2**

Sep 07 2025 Gandhidham
Contact : 2836233347
Organisation : Dr. Seema Abhaykumar Bhimajiani
Avail Special life Time 20% Discount On Siddhi Dental Treatment



**KHICHDI RESTAURANT**

**1**

Sep 07 2020 Vile Parle
Contact : 9930242741
Organisation : Mr. Jitendra Shah
Avail Special 15% Discount From Monday to Friday At Restaurant

**2**

Sep 07 2020 Mulund
Contact : 9930242741
Organisation : Ms Tina Shah
Avail Special 15% Discount From Monday to Friday At Restaurant

**3**

Sep 07 2020 VidyaVihar
Contact : 9930242741
Organisation : Mr. Jitendra Shah
Avail Special 15% Discount From Monday To Friday At Restaurant

METROPOLIS
The Pathology Specialist

**Avail Special 25% Discount On all In-house Lab Tests & Health Profiles…**

Apr 13 2024 Mumbai
Contact : 1860 210 1010/ 6650 5555
Organisation : All Centres Across India
Widespread presence across 18 states in India, All Centers Across India

## ALSO TIE UP WITH

**CHAMPION PLUS -** Vadodara
**OPTICAL PLACE -** Vadodara
**LITTMANN OPTICS -** Vadodara
**MY RESTAURANT -** Vadodara
**MY HOME DECOR0 -** Vadodara

# કેડીઓ યુવા મંચ વડોદરા દ્વારા કચ્છીયતના ગુણવાન ગાતો વિડીયો બનાવ્યો







લોકડાઉનને લીધે છેલ્લાં ચાર માસ થયા સૌ ઘરમાં બંધ છે. નાના મોટા બાળકોની સ્કૂલો-કોલેજો બંધ છે. મોટાઓના ધંધા, રોજગાર બંધ છે. ઓફિસોને તાળા છે. સામૂહિક મેળાવડા કિટી પાર્ટીઓ પરના પ્રતિબંધ ક્યારે હટશે ખબર નથી. રેગ્યુલર ટ્રેનો, વિમાન પ્રવાસ બંધ છે. ત્યારે ઘરમાં બેઠા બેઠા રચનાત્મક વિચારોના અમલ ઉપયોગી સંદેશ આપવા માટે કરાય એ સૌને માટે સારું છે.

આવી જ એક પ્રવૃત્તિ વિડિયો દ્વારા કચ્છી દશા ઓસવાલ જૈન યુવા મંચના નેજા તળે બનાવાઈ છે જે વોટ્સએપ દ્વારા ફરતી. ચર્ચાતી અને ગમતી થઈ મળી.

આ વિડિયોમાં કચ્છની ચીજો, કચ્છી સંસ્કૃતિ અને કચ્છમાં આવેલ પ્રવાસન સ્થળોનો મહિમા ગવાયો છે. ૫.૨૩ મિનિટની પ્રસ્તુતિ વખતે બ્રેક ગ્રાઉન્ડમાં ''કચ્છડો યાધ કરીંઆ, મુંજે વલે જ્યું વાટુ ન્યારીઆં, આઈલ મુંજી મા, કચ્છડો યાધ કરીઆં.'' એ મીઠાં સ્વરેથી ગીત વાગે છે.

હેતલ મૈશેરી, જીન્સ અને શર્ટને છોડી કચ્છી બાંધણી અપનાવવાનો સંદેશો આપી કાર્ડ બોર્ડ બતાવે છે. જેમાં લખેલ છે જીન્સને શર્ટ કડેક જ શોભે, પણ પાંજી બાંધણી કોઈપણ પ્રસંગમેં શોભે.

બીજી પ્રસ્તુતિ કાયરા અને નેહા લોડાયા રજૂ કરી છે. જેમાં બાળક ઠંડુ પીણું પીવા માંગે છે. તેને માતા છાશનો ગ્લાસ પીવા આપે છે અને પ્લેબોર્ડ બંન્ને બતાવે છે. વિદેશી પીણાં કરતાં છાય સૌથી બેસ્ટ. પાંજે કચ્છજો ગૌરવ છાય પીઓ ને Cool રો.

ત્રીજી પ્રસ્તુતિ જિસ્મી લોડાયા આપણી વાંચનની આદત બદલવી જોઈએ એવું દર્શાવી બતાવે છે કે ભલે કોય પણ નામી સામયિક હુએ પણ પાંજી કચ્છીયત 'કચ્છ અર્પણ' મિંજા જ મિલે.

ચોથા નેહા પાનપરીયા સ્ક્રીન પર રજૂ થાય છે. બ્રેડને જામને બાજુ ખસેડી, માની શાક ખાય છે. સંદેશ દર્શાવે છે કે પિઝાના બર્ગર શરીર બગાડીએ, પાંજી બાજરની માની શરીર ભનાઈએ.

ભરતભાઈ લોડાયા, હાસ્ય લોડાયા અને ધૈર્ય ઘડિયો ફરાવી, કાચની ગોટી રમતા રમતાં કાર્ડ બોર્ડ બતાવે છે. રમો ભલે ધુનિયા ભરજી રમતું પાં મિડે, પણ મોજતાં ગોટિયું રમંધે ને ઘડિયો ફરાયા મેંજ મિલે.

હેતલ બેગ બિસ્તરા લઈને વર્લ્ડ ટૂર માટે નીકળે છે પણ વિચાર બદલી કચ્છ દર્શન કરવાનું નક્કી કરે છે અને કહે છે ધુનિયા ભલે કિતરી પણ ફરો, પાંજે કચ્છડે જેરી મોજ કિડાં ન મિલે.

રૂષભ પાનપરીયા સંદેશો આપે છે કે ગમે તેટલી રેશમી તળાઈઓમાં સૂઈએ, મોંઘા બ્લેકેન્ટ ઓઢીએ પણ પાંજી કચ્છજી અજરખ આખે દેશમેં વિકાંણી, અજરખ જેડી થધક દોહરમેં ન દેખાણી.

ક્રિશા ખોના અને વીણા ખોના બર્થ ડે સેલિબ્રેશન માટે કેક કટીંગનો મોહ છોડી દેશી વાનગીથી મોઢું મીઠું કરવાનું જણાવે છે. સંદેશો દેખાડે છે વિદેશી વાનગી છોડો દેશી અપનાઓ. વિદેશી કેક છડો ને પાંજે શીરે કે અપનાયો.

મિહિર પાનપરીયા 'કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા'નો સંદેશો આપે છે. છેલ્લે માહિર પાનપરીયા અને વીણા ખોના મેલ્માઈન ને પ્લાસ્ટિક બનાવટી ડિશોનો જમવા માટે ઉપયોગ બંધ કરી પરંપરાગત ધાતુઓના ઉપયોગથી બનેલી થાળી, ડિશો, વાટકા ઉપયોગ કરી તન, મન તંદુરસ્ત રહે એ માટે વપરાશ કરવાનો બોધ આપે છે. અને પ્લેબોર્ડ પર લખેલું દર્શાવે છે. પ્લાસ્ટિક છડોને કંઝો (કાંસું) અપનાવો. લાંબા ફુરસદ કાળનો રચનાત્મક ઉપયોગ કરી કંઈક શિખામણ આપતાં વિડીયોનો ભાગ બનનાર કેડીઓ યુવા મંચના સૌ અભિનંદનના હકદાર છે. ભૂલાતી જતી પરંપરાને બચાવવા સૌએ આગળ આવવું પડશે એવો સંદેશ આ વિડીયો બખૂબીથી આપે છે. વિડીયોનું એડિટીંગ ધૈર્ય મૈશેરીએ કર્યું છે.

# અનંત પેથેલોજી લેબ મુલુંડનો ત્રીજી વર્ષમાં પદાર્પણ





કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન, મુંબઈની શેઠશ્રી નરશી નાથા મેડિકલ ટ્રસ્ટ સંચાલિત અનંત પેથેલોજી લેબ મુલુંડ શાખાનું સ્વપ્ન ક.દ.ઓ. જૈન મહાજન, મુંબઈના ભૂતપૂર્વ ઉપપ્રમુખ હિરાલાલ હંસરાજ ડાઘાએ જોયું હતું. ત્રણ વર્ષ પહેલા આ જ સ્વપ્નને સાકાર કરવા તેમણે મેડિકલ ટીમના સથવારે સફળતાપૂર્વક બીજારોપણ કર્યું જે આજે ફળદાયી વૃક્ષ બની સમાજ સમક્ષ સક્ષમ સેવા આપી રહ્યું છે એની ખુશીમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ ક.દ.ઓ. જૈન મહાજન, મુંબઈ અને નરશીનાથા મેડિકલ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી કુમારભાઈ બાબુભાઈ દંડ, સેક્રેટરી મનિષાબેન પોલડીયા અને મેડિકલ ટીમ એ વિશેષ સેવા પ્રવૃત્તિઓનું આયોજન કરેલ છે.

તા.૧૬ જુલાઈથી તા.૨૬ જુલાઈ સુધી ૧૦ દિવસના સમયગાળા માટે ઈનહાઉસ સર્વે ટેસ્ટીંગ દરોમાં ૧૦ ટકાનું ડિસ્કાઉન્ટ સર્વેને મળશે. જ્યારે કેડીઓ જ્ઞાતિજનોને ૧૫ ટકા ડિસ્કાઉન્ટ મળશે. જે ટેસ્ટ મેટ્રોપોલીસ લેબ દ્વારા થાય છે. તેમાં સર્વેને ૫ ટકા ડિસ્કાઉન્ટ મળશે.

આ ૧૦ દિવસ દરમ્યાનના સમયગાળામાં જે પણ કોઈ ટેસ્ટ કરાવશે તેમને વધારાનું એક બોનસ કૂપન આપવામાં આવશે. જેથી તેમને ફરી એકવાર પૂરા વર્ષ દરમ્યાન જ્યારે પણ તેઓ અનંત પેથોલોજી લેબ મુલુંડમાં ઈન હાઉસ ટેસ્ટ કરાવશે. જ્ઞાતિજનોને ૧૫ ટકાનું ડિસ્કાઉન્ટ અને મેટ્રોપોલીસ લેબ ટેસ્ટિંગ માટેના ૫ ટકા ડિસ્કાઉન્ટ વર્ષ દરમ્યાન ફરી એકવાર મળશે. ક.દ.ઓ.જ્ઞાતિજનોને હેલ્થ ચેકઅપ પ્લાનમાં પણ ૧૫ ટકા ડિસ્કાઉન્ટ આપવામાં આવશે. વધુ વિગત માટે ૦૨૨-૨૫૬૪૦૯૮૭ અને ૮૮૭૯૯૯૦૯૮૭ નંબર પર સોમવાર થી શનિવાર સવારે ૮ થી બપોરના ૪ સુધી તેમજ રવિવારના સવારના ૮ થી બપોરના ૧ વાગ્યા સુધી સંપર્ક કરી શકો છો.




તદ્ઉપરાંત કેડીઓ જ્ઞાતિજનો માટે વસ્તીપત્રક એપ દ્વારા વસ્તીપત્રક નંબર જણાવશે તેમને ડિસ્કાઉન્ટ ઉપલબ્ધ થશે.

નજદિકના સમયમાં નામાંકિત ડૉક્ટરો સાંજના સમયે રાહત દરે ઓપીડી વિભાગમાં લાભ આપશે. આ ડોક્ટરો જાણીતા ફિઝિશિયન અને છાતીના સ્પેશ્યિલિસ્ટ છે.

હાલે કોરોના વાયરસને કારણે છેલ્લા ચાર માસથી લોકડાઉન પરિસ્થિતિ હોવા છતાં અનંત પેથેલોજી લેબ કોઈ દિવસ બંધ રહી નથી. ફક્ત ગુડી પડવાના દિવસ સિવાય. આમ લેબના સર્વે સ્ટાફ કોરોના વોરિયર્સ તરીકે અવિરત સેવામાં રહ્યા છે. જેનું ગૌરવ-અભિવાદન કરવામાં આવેલ.

સૌ સુરક્ષિત રહી સરકારના નિયમોનું અવશ્ય પાલન કરીએ એ જરૂરી છે.

# ધુલિયાનું ૬૦ સભ્યોનું સંયુક્ત આદર્શ પરિવાર સૌને પ્રેરણા આપે છે





મહારાષ્ટ્રના ખાનદેશ પ્રાંતનું ધર્મમય નગર ધુલિયામાં આગમ દિવાકર આ.ભ.શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા. આદિઠાણા-૩ સુખ શાતામાં બિરાજમાન છે. અહીં ગુજરાતના અમરેલી જિલ્લાના વાસાવડ ગામના સ્થાનકવાસી જૈન ચમનલાલ ચત્રભુજ નાનજી ખિલોસિયા પરિવારના આઠ ભાઈઓના ૬૦ સભ્યો એક આદર્શ પરિવારમાં ખૂબજ સંપ પૂર્વક સાથે રહે છે. જે આ કલિકાળમાં આશ્ચર્ય આપતી ઘટના છે.





આ આદર્શ પરિવારના ૩૦ નાના મોટા સભ્યો એક જ રસોડે જમે છે. કોઈપણ સંપ્રદાયના સાધુ સંતોની નિઃસ્વાર્થ ભાવે સેવા ભક્તિ કરવાનું આ પરિવારના સૌ સભ્યોનું જાણે વ્યસન છે. રોજ બધા સભ્યો પરિવારના વડીલોને ચરણ સ્પર્શ કરી આશીર્વાદ લે છે. પરસ્પર જય જિનેન્દ્ર કહી પ્રણામ સાથે અભિવાદન કરે છે. પરિવારના વડીલ ચમનલાલ બાપા પોતાની સ્વર્ગવાસ તિથિ અગાઉથી જણાવી દીધેલ હતી. એમની ચાર મીઠાઈની દુકાનો છે. પરંતુ નવાઈની વાત એ છે કે દુકાનમાં કે ઘરમાં કોઈપણ નોકર-ચાકર કે કામવાળી રાખેલ નથી.



પરિવારની આગ્રહ ભરી વિનંતીને માન આપીને આગમ દિવાકર પ.પૂ.આ.ભ. શ્રી આદિઠાણા-૩ એ તેમના ઘરે પગલાં કરેલ. આ પુનિત પ્રસંગે પરિવારના લગભગ બધા જ સભ્યો હાજર રહ્યા હતા અને દર્શન-વંદના અને વ્યાખ્યાન શ્રવણનો લાભ લીધો હતો. પરિવારના સૌ સભ્યો સમક્ષ પૂજ્યશ્રીએ લગભગ અડધો કલાક સુધી પ્રસંગોચિત દ્રષ્ટાંતો સહિત સુંદર વક્તવ્ય આપી સૌને આશીર્વાદ સાથે પ્રેરણાત્મક વચનો કહ્યા. ખરેખર આવા આદર્શ, સંસ્કારી અને ધર્મમય પરિવારમાંથી સૌએ ખાસ પ્રેરણા લેવા જેવી છે.

# શ્રી કેડીઓ સ્ટુડન્ટ એસોશિયેશનની નવી મેનેજીંગ કમિટી

હાલે કોવિડ-૧૯ની મહામારીને લીધે પ્રવર્તતી કપરી પરિસ્થિતિને લક્ષમાં લઈ નવી ટર્મ વર્ષ ૨૦૨૦-૨૦૨૧ માટે નવી કમિટીનું ઈલેક્શન શક્ય ન હોતા ગત વર્ષની કમિટીના પદાધિકારીઓની પુનઃપસંદગી કરી નવી ટર્મ માટેનું સૂત્ર સંચાલન સોંપાયું.




નવી મેનેજીંગ કમિટીના પદાધિકારીઓમાં પ્રેસિડન્ટ તરીકે ઉર્મિન જયેશ લોડાયા સુથરી-ઘાટકોપર, વાઈસ પ્રેસિડન્ટ એકતા ઉદયન લોડાયા મોટી સિંધોડી-મુલુંડ, સેક્રેટરી પદે મિત સંજય મૈશેરી સાંધાણ-ડોંબિવલી, જોઈન્ટ સેક્રેટરીઓ લબ્ધિ નીરેન લોડાયા નલિયા-થાણા અને ચિરાગ પ્રકાશ લોડાયા સાંયરા-વડાલા, ટ્રેઝરર પ્રિન્સ વિનીત ધરમશી કોઠારા-ડોંબિવલી, જોઈન્ટ ટ્રેઝરર્સ અશ્વિન શાંતિલાલ લોડાયા મોટી ખાવડી-ઘાટકોપર તથા ધર્મિલ વિરેન નાગડા રાપરગઢવાળી-ડોંબિવલી, કમિટી મેમ્બરર્સ ઉજ્વલ પીયૂષ લોડાયા સાંયરા-નાલાસોપારા, કાજલ દિલેશ ધ્રોલ કોટડી-ભાંડુપ અને સ્મિત હિરેન લોડાયા રંગપુર-થાણા.

સર્વે પદાધિકારીઓને અભિનંદન સાથે વિદ્યાર્થી ઉપયોગી રચનાત્મક પ્રવૃત્તિઓ ઉત્તરોત્તર કરતાં રહે એ શુભેચ્છા.

# પ.પૂ.ગુરૂદેવશ્રી સર્વોદય સાગરજી મ.સા.ની ત્રીજી પુણ્યતિથિની સ્મૃતિ વંદના



ગુરૂગુણના શિષ્યવંત, ગુરૂ ગુણોદયના આજ્ઞાવંત, ગુરૂ કલા-કવિ, વીર-મહોદયના ગુરૂ ભ્રાતાવંત, ગુરૂ ઉદયના બંધુવંત, મુનિ જગવલ્લભના ગુરૂવંત, મુનિ ગુણવલ્લભના પ્રાણવંત જેઓ પોતાના ૪૧ વર્ષના દીક્ષા જીવન અને ૫૮ વર્ષની આવરદા આયુષ્યમાં હજારો પરિવારોને ધર્મ પ્રદાન કરી અદ્ભુત ઉપકાર કર્યા એવા પરમ ઉપકારી, પ્રાચીન સાહિત્ય સંશોધક, મેવાડ દિવાકર પ.પૂ.ગુરૂદેવ શ્રી સર્વોદયસાગરજી મ.સા.ની તા.૧૬ જુલાઈ ૨૦૨૦ ગુરૂવારના ત્રીજી વાર્ષિક પુણ્યતિથિએ ગુરૂભક્તોએ, સંઘોએ સ્મૃતિ વંદના કરી ભાવાંજલિ અર્પી.

પ.પૂ. ઉદયરત્નસાગરજી મ.સા. આદિ ઠાણા-૨ અચલગચ્છ જૈન સંઘ થાણામાં બિરાજમાન છે. થાણા નગરમાં હાલે કોરોનાનો ગ્રાફ દરરોજ વધતો જાય છે. આ નજરમાં લઈ હાલની પરિસ્થિતિમાં કોઈ વ્યક્તિએ ગુરૂ દર્શન વંદના માટે પધારવાની પૂ. ગુરૂદેવ અને થાણા અચલગચ્છ જૈન સંઘની અનુમતિ નથી. જેનો એ ગુરૂભક્તો ધ્યાનમાં લઈ સહકાર્ય કરે એ વિનંતી સંઘ દ્વારા કરાઈ છે.

# સીમંધર સ્વામી સાલંબન ધ્યાન યોગ સર્વત્ર લોકપ્રિય થઈ રહ્યો છે

સમસ્ત જૈન સમાજ આ વિષમ કાળમાં આત્મિક સુખ, શાંતિ સમાધિની તરફ આગળ વધી શકે એ મંગળ-કલ્યાણકારી ભાવના રાખી ધ્યાન યોગી ગુરૂદેવ શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. એ એસ ૩-સીમંધર સ્વામી સાલંબન ધ્યાનની રચના કરી છે. જે અલ્પ સમયમાં ઘણો લોકપ્રિય થઈ પૂરા ભારત દેશમાં ફેલાઈ ચૂક્યો છે. હજારો વ્યક્તિઓ આ ૩૦ મિનિટનો ધ્યાન દર દિન સાંભળીને કરે છે અને પરમ આનંદનો અનુભવ પ્રતિદિન મેળવે છે.

શું તમોને પણ આ આનંદની અનુભૂતિ નિરંતર કરવી છે? તો આજથી જ શરૂ કરો એસ૩ મેડિટેશન.

આ ધ્યાનનો ઓડિયો ટેલિગ્રામ પર મેળવવા તુરંત નીતિનભાઈ ૦૯૮૨૦૨૦૩૨૯૧નો સંપર્ક કરો. તનની સ્વસ્થતા, મનની પવિત્રતા, જીવનમાં આત્મીયતા લાવવા માટે પરિવાર મિત્રો, સંબંધી, સ્વજનો, પડોશીઓની સાથે આ માહિતી શેર કરી, પ્રસાર કરી દરેકનાં જીવનમાં ઉજ્વળ પ્રકાશ, પરમ આનંદ પ્રસરાવો. વંદે સર્વોદયમ.

# શ્રી ક.દ.ઓ. જ્ઞાતિના જિનાલયો-ગૃહો ચૈત્યોને ધ્વજા અર્પણની ભાવના



જય આદિનાથ પરિવાર દ્વારા વિશ્વના તમામે તમામ જિનાલયોની ધ્વજાનો લાભ લેવા ઈચ્છુક છે. પરંતુ સમય, સંજોગો અને વ્યવસ્થાને લક્ષમાં રાખી હાલમાં શ્રી કચ્છી દશા ઓસવાળ જ્ઞાતિના જેટલા પણ જિનાલયો-ગૃહો ચૈત્યો છે. એમની ખૂબ નાયક ભગવાનની ધ્વજા બનાવીને શ્રી સંઘને અર્પણ કરવાની ભાવના સેવી છે.

તે લક્ષમાં લઈ પ્રત્યેક જિનાલયના સંઘોએ ધ્વજાની તિથિ, ધ્વજાનું માપ તથા મૂળ નાયક અરિહંત કે સિધ્ધ પ્રતિમાજી છે તે તા. ૧૦ ઓગસ્ટ ૨૦૨૦ સુધી જણાવીને નીચે મુજબ વિગત-માપની વિગત નિમ્નલિખિત નંબર ઉપર વોટ્સએપ કરવા વિનંતી કરાઈ છે.

શ્રી સંઘનું નામ તથા ગામ, ધ્વજાની તિથિ, મૂળનાયક પ્રતિમા અરિહંત કે સિધ્ધ (પરિકરવાળા કે પરિકર વિનાના) તથા મૂળનાયક ધ્વજાનું માપ.

સંપર્ક સૂત્ર જિનાલી નયનભાઈ વિકમશી મો.નં. ૯૮૬૯૮૨૨૬૬૦ તથા દિપ્તીબેન શાહ મો.નં. ૭૦૨૧૬૫૪૯૨૬

માનવ ભવ, જિનશાસન પામીને શ્રાવક-શ્રાવિકાઓ વિવિધ પ્રકારના મનોરથો સેવે છે. જયવંતા, જિનશાસનમાં સુંદર શાસન પ્રભાવનાના કાર્યો કરીને લક્ષ્મીને સફળ બનાવે છે. શાસનના સુંદર કાર્યોમાં વિવિધ પ્રકારનાં લાભ લઈને પુણ્યાનુબંધી પુણ્યનો સંચય કરે છે. એવા જ મહા મનોરથ શ્રી ગુણોદય જય મુક્તિ આશિષે શ્રી જય આદિનાથ પરિવારને જાગ્યા છે. ધ્વજા લહેર લહેર લહેરાય.

**સમસ્ત મહાજન આપના લોકડાઉન દરમ્યાન કરેલ સેવાકાર્યોને સલામ કરે છે**

**કોરોના વાયરસની મહામારીમાં જેઓ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહાય થયા હોય તેઓએ પોતાના નામ, સરનામા અને જે કાર્ય કર્યું હોય તે તમારો એરીયાના મહાસમિતિના સભ્યોનો સંપર્ક સાધી આપની વિગતો આપો અને સમસ્ત મહાજન દ્વારા થનારા બહુમાનમાં આપ સહભાગી થાઓ**

**વધુ વિગત માટે સંપર્ક :**

**મનિષા લાલકા - ૯૮૨૦૫૪૫૭૩૪**

**વર્ષા લોડાયા - ૯૮૩૩૦૭૨૮૭૯**

**Email : gyatimaiya2018@gmail.com**

# જ્ઞાતિના સિતારાઓને અભિનંદન



Meet Mayur Lodaya
(shah)
(Bandhiya) Mulund
CBSE - 93.00%



Mitali Yatin Lodaya
(Suthari) burhanpur
K.J. Somaiya College
91.38%

FIRST IN COLLEGE



Chirag Kalpesh Khona
(Naliya) Thane
12TH (COMMERCE)
87.38%



Dhwani Niraj Shah
(Lodaya) Sandhav
ICSE BOARD - 10th
89.28%



Krish Chetan Peer
(Lodaya)
(Suthari) Mulund
70.00%



Keval Jayesh Khona
Hubli
B.E. in Mechanical with
distinction 7.78 CGPA

# ફુલ ખીલે ગુલશન ગુલશન



પોલડીયા પરિવાર
માતા - ચાર્મી
પિતા - વિમલ
ગામ - ડુમરા
હાલ - ઘાટકોપર
જન્મ - ૦૧-૮-૨૦૧૬



ક્રિશા વિમલ પોલડીયા

ધરમશી પરિવાર
માતા - ફાલ્ગુની
પિતા - અંકુર
ગામ - સુથરી
હાલ - મુલુંડ
જન્મ - ૧૮-૬-૨૦૨૦





વિરતિ અંકુર ધરમશી

# ભાવભીની શ્રદ્ધાંજલિ



શુક્રવાર, તા.૧૦ જુલાઈ
નવલબેન હિરાચંદ મૈશેરી
(ઉ.૭૬ વર્ષ)
સાંધાણ, ભાંડુપ



બુધવાર, તા.૧૫ જુલાઈ
ચંદ્રકાંત માણેકજી મોતા
(ઉ.૬૭ વર્ષ)
નલીયા, ડોંબિવલી



ગુરુવાર, તા.૧૬ જુલાઈ
નવીનચંદ્ર ઉમરશી મુનવર
(ઉ.૬૭ વર્ષ)
જખૌ, થાણા



ગુરુવાર, તા.૧૬ જુલાઈ
નીના રાજેશ લોડાયા
(ઉ.૫૪ વર્ષ)
સુથરી, મુલુંડ



શુક્રવાર, તા.૧૭ જુલાઈ
લક્ષ્મીચંદ લીલાધર લોડાયા
(ઉ.૭૫ વર્ષ)
સાયરા, જાલના



શનિવાર, તા.૧૮ જુલાઈ
ચંદ્રકાંત સી. ગોસર
(ઉ.૬૬ વર્ષ)
ગોયરસમા, મુલુંડ



શનિવાર, તા.૧૮ જુલાઈ
લક્ષ્મીબેન પ્રેમચંદ ધરમશી
(ઉ.૭૦ વર્ષ)
સાંધાણ, પૂના

**પરમ પ્રભુ પરમાત્મા સદ્‌ગતની આત્માને ચિરશાંતિ અર્પે એજ પ્રભુ પ્રાર્થના**

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિના મૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે**

**આપણા ૧ થી ૫ વર્ષ સુધીના નાના ભુલકાઓ માટેની આ કોલમ જેમાં આપ આપના ભુલકાનો ફોટો, નામ, માતા-પિતાનું નામ, ઉંમર અને ગામ, અને વસવાટ વગેરે વિગત મોકલી તેને બર્થ-ડે શુભેચ્છા આપી શકો છો.**

**SSC અને HSCમાં ૭૦ ટકાથી વધુ મળેલ વિદ્યાર્થીઓના ફોટો તથા વિગત મોકલો**

**સંપર્ક : વોટ્સએપ - મનિષા લાલકા : ૯૮૨૦૫૪૫૭૩૪, વર્ષા લોડાયા - ૯૮૩૩૦૭૨૮૭૯**




● સુમરાસર જત ગામના રહેવાસી જત પરિવારનો ચાર વર્ષનો દીકરો સોયેબ છેલ્લા અઢી વર્ષથી લીવરની બિમારીથી પીડાય છે. અમદાવાદ અને મુંબઈ નિયમિત ચેકઅપ કરાવ્યા બાદ દોઢ વર્ષથી આ બાળકની જીવન જરૂરી દવાઓ દર છ મહિને નેધરલેન્ડથી મંગાવી પડે છે. ડોક્ટરોની સલાહ અનુસાર આ દવાઓ સોયેબને સતત આપતા રહેવું ખૂબજ ફરજિયાત હતું. નેધરલેન્ડથી કુરીયર મારફતે દવાઓ સીધી પરિવારને ઘરે પહોંચતી હતી. લોકડાઉન પહેલા નેધરલેન્ડથી દવાઓ રવાની થઈ પણ અમદાવાદમાં આવતા લોકડાઉન લાગુ પડતા ત્યાં અટકી ગઈ. સોયેબના પિતાએ સેતુ અભિયાન સાથે વાત કરી છતાં નિષ્ફળતા મળતાં ભુજ કલેક્ટર કચેરીના પ્રાંત અધિકારી મનીષ ગુરવાણી (આઈ.એ.એસ.)ને વિનંતી કરી અને દરેક એ પોતાની યથાશક્તિ મદદ કરી અંતે દવાઓ બ્લુડાર્ટ કુરીયર મારફતે ગાંધીધામ પહોંચી. પ્રાંત અધિકારી દ્વારા ખાસ વાહન મોકલી દવા ભુજ લાવવામાં આવી. અંતે સુમરાસર જત પરિવારને આખરે મળી. બાળકની દવાઓ છેવટે મળી જતાં પિતાએ પ્રાંત કચેરી અધિકારી, સેતુ અભિયાન અને કુરીયરના પ્રતિનિધિનો આભાર માન્યો હતો.

● સેવાકીય કાર્યો કરતી લાયન્સ ઈન્ટરનેશનલના સૌરાષ્ટ્ર કચ્છના ડીસ્ટ્રીક ૩૨૩૨ની કોરોના વાયરસની મહામારીના અનુસંધાને તાજેતરમાં લાયન્સના ઈતિહાસમાં સૌ પ્રથમ વખત ઈ-ઈલેક્શન યોજાયું હતું. જેમાં ગર્વનર તરીકે ગાંધીધામના ધીરેન મહેતાની વરણી કરાઈ હતી. ૨૩૩ ડેલીગેટ મતના અધિકારી હતાં. કોઈ હરીફ ઉમેદવાર ન હતા. પરંતુ મતદારો પૈકી ૫૭ ટકા એફરમેટિવ મત મેળવવા જરૂરી હતા.

● બોલિવુડ અભિનેતા ઈરફાન ખાન થોડાક વખત પહેલા ઈન્તકાલ પામ્યા. ત્રણ દાયકા પહેલાં રણ પ્રદેશ કચ્છમાં ધોરડોની મુલાકાત પણ લીધી હતી. શ્રેષ્ઠ એવોર્ડ વિજેતા બાળફિલ્મ 'મુજ સે દોસ્તી કરોગે'માં અભિનય કરેલ હેન્સી ઠક્કર અને ધોરડોના સરપંચ મિંયા હુસેન ગુલબેગે ઈરફાન બે મહિના જેટલા રોકાણના સંસ્મરણો વણવી તેમની પ્રતિભાશાળી અભિનયની તારીફ કરી હતી.

● ભુજ શહેરના ડાંડા બજાર વિસ્તારની જાણીતી પેઢી ધરાવતા ગોપાલ ચિક્કી વાળાએ રૂ.એક લાખના રકમની ગોપાલ ચિક્કીનું વિતરણ વહેલી સવારથી બપોર સુધી કરી પરિવારોને મીઠાઈ મળવાનો આનંદ આપ્યો હતો. ગોપાલ ચિક્કીના ગોપાલભાઈ નાથબાવા અને હીરેન નાથબાવાએ ન.પા.ના. ભૂતપૂર્વ નગરસેવક અને ભુજ કમર્શિયલ બેંકના એમ.ડી.ધીરેનભાઈને પ્રસ્તાવ મૂકી અલગ અલગ વિસ્તારમાં ચિક્કીના પેકેટ વિતરીત કર્યા હતા. આ વિતરણમાં ભુજના ધારાસભ્ય ડૉ. નીમાબેન આચાર્ય પણ જોડાયા હતા.

● માંડવી તાલુકાના મસ્કા ગામની મહિલાઓ કોરોના વોરિયર્સ બની પુરુષાર્થથી તૈયાર ૫૦ હજાર જેટલા માસ્ક તૈયાર કરી આપ્યા છે. સાંસદ વિનોદભાઈ ચાવડા અને પૂર્વ રાજ્યમંત્રી તારાચંદ છેડાની સંસ્થાઓ શ્રી સમાજ નવનિર્માણ ટ્રસ્ટ અને શ્રી સર્વ સેવા સંઘ (કચ્છ) દ્વારા ૫૦ હજાર માસ્ક બનાવવા માટેનો ખર્ચ આપવાની સહમતિ દર્શાવી હતી. સોશિયલ ડિસ્ટન્સ જાળવી આ વોશેબલ માસ્કનું વિતરણ નિઃશુલ્ક કરાયું. મસ્કા અને બાજુના ગુંદિયાળી, બાગ, શેખાઈ બાગ વિગેરે ગામોની સ્વાશ્રયી મહિલાઓને રોજગારી મળી રહે એવા આયોજનથી સેવા આદરાઈ હતી.

● કોરોનાની વૈશ્વિક મહામારીમાં સરકારને સહાયરૂપ બનવા દેશના જુદાજુદા રાજ્યોમાં ધંધાર્થે સ્થાયી થયેલા અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ દ્વારા ૧ કરોડ ૩૪ લાખ ૫૮ હજાર ૭૫૦નું માતબર દાન પી.એમ.કેરર્સ ફંડમાં તથા મુખ્યમંત્રી રાહત નિધિમાં આપવામાં આવ્યું. આ ચેક રાજ્યમંત્રી વાસણભાઈ આહિર અને જીલ્લા કલેકટર પ્રવીણા ડી.કે. ને પાટીદાર સમાજના હોદેદારોએ અર્પણ કર્યા હતા.

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)

Plan the present, secure the future.
Get a Family Insurance!



insurancekhoj.com™
the ultimate stop for insurance™

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

Karani

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL

KDO Gyatimaiya Weekly E-magazine KDO